## ‘સન્નારી’ માટે મુખપૃષ્ઠ તસ્વીર, પ્રતિભાવ, સૂચનો વગેરે ઇ મેઇલ પર પણ મોકલી શકો છો

વાચકો, આપ તમારા પ્રતિભાવો, ‘સન્નારી’ અંગેનાં કોઇ સૂચનો, ‘સન્નારી’ને અનુરૂપ કોઇ પણ લખાણ અને મુખપૃષ્ઠ તસવીર નીચે આપેલા ઇમેઇલ એડ્રેસ પર પણ મોકલી શકો છો. આ ઉપરાંત તમે મોકલતા આવ્યા છો એમ પત્ર દ્વારા તો કંઇ પણ મોકલી જ શકો છો. તમારી સરળતા માટે આ વધારાની સુવિધા કરવામાં આવી છે.

- વાચકોને ખાસ વિનંતી કે પોતાનું લખાણ ટૂંકાણમાં જ મોકલે. ઘણા વાચકોનું લખાણ લાંબુ હોવાથી પૂરતો ન્યાય આપી શકાતો નથી.
- તમારી તસવીર ઊભી ફ્રેમમાં, બેકગ્રાઉન્ડ પ્લેઇન અને અવનવી અદામાં હોવી જરૂરી છે. આથી એકલાં નાના બાળકોના ફોટા મોકલશો નહીં.
- તમારી તસવીરની ઇમેજ સાઇઝ ૮’’ x ૧૨’’ હાઇ રેઝોલ્યુશન 300 DPIમાં મોકલશો જેથી એન્લાર્જ કરતી વખતે મુશ્કેલી ન પડે અને ફાઇલ સાઇઝ 10MB થી વધુ હોવી જોઇએ નહીં.
- તમારા ફોટોગ્રાફ અને લખાણ સાથે તમારું નામ, સરનામું, કોન્ટેક્ટ નંબર લખવાનું ભૂલશો નહિ.

-સંપાદક

Email: sannari@gujaratmitra.in

## સપ્તાહની તસવીર



‘સન્નારી’ના મુખપૃષ્ઠ પર પ્રકાશિત થયેલી તસવીર સુરતનાં નિકિતા ચૌહાણ, તેમના પતિ અનિકેત ચૌહાણ અને દીકરી મિસરીની છે. નિકિતાએ BBA (HR), MBA (HR) કર્યું છે. તેઓ હોમ બેકર છે અને વિવિધ પ્રકારનાં કેક, પેસ્ટ્રી, કપકેક તથા અન્ય બેકરી પ્રોડક્ટ્સ બનાવે છે. અનિકેતે BE (Mechanical), MBA (Marketing), DME નો અભ્યાસ કર્યો છે. મિસરી નર્સરીમાં અભ્યાસ કરે છે. ચૌહાણ પરિવારને પ્રવાસ કરવાનો ખૂબ જ શોખ છે. આ તસવીર વર્કલા, કેરળની છે.



# પ્રિય સન્નારી

# સત્ય અને અહિંસાનાં શસ્ત્રો આજે કેટલાં કારગત?




કેમ છો ? મજામાં ને?

મિત્રો, ગઈ કાલે એટલે કે ૨ જી ઓક્ટોબરે ગાંધીજયંતી હતી. શું ફક્ત આપણા રાષ્ટ્રપિતા ગાંધીબાપુની જન્મજયંતી જ હતી? ના. તેમણે આપેલા વિચારો, સત્યાગ્રહના માર્ગ અને અહિંસાના ધર્મની ઉજવણીનો દિવસ હતો. સત્ય અને અહિંસા એ કંઈ સ્થૂળ શસ્ત્રો નથી. તે તો ધર્મ છે, પરમ સત્ય છે. જે ફક્ત લૌકિક કાર્યો સાથે નથી જોડાયેલા, તે તો મન, વચન અને કર્મ એ ત્રણેયના સંકલનથી ઘડાયેલાં આધ્યાત્મિક શસ્ત્રો છે. સામાન્ય રીતે અહિંસાને આપણે કાયરતા સાથે અને નિષ્ક્રિયતા સાથે જોડી દઈએ છીએ પરંતુ અહિંસાનું પાલન કરવા માટે આંતરિક શક્તિ અને દ્રઢ મનોબળની જરૂર પડે છે. મહાત્મા ગાંધીએ અહિંસાનો પ્રથમ વાર ઉપયોગ કર્યો હતો તે પણ ભારતની સ્વતંત્રતાની લડત લડવા માટે. તેનો પ્રભાવ ફક્ત ભારતમાં જ નહિ પરંતુ વિશ્વના અન્ય દેશો પર પણ પડ્યો હતો. દક્ષિણ આફ્રિકામાં નેલ્સન મંડેલાએ અને અમેરિકામાં માર્ટીન લ્યુથર કિંગ જુનિયરે અહિંસાનાં શસ્ત્રોનો ઉપયોગ સામાજિક પરિવર્તન અને રાજકીય અધિકાર મેળવવા માટે કર્યો હતો. તો ચાલો આજે સત્ય અને અહિંસા વિષે થોડું ઊંડાણથી મંથન કરીએ.

અહિંસાની પરિભાષામાં મુખ્ય ત્રણ બાબતો રહેલી છેઃ પહેલી છે, ‘અહિંસા’ એટલે કે મન, વચન અને કર્મ દ્વારા કોઈને પણ ઈજા ન પહોંચાડવી, જીવમાત્ર પર હિંસા ન આચરવી. શારીરિક હાનિ પહોંચાડવા ઉપરાંત દુષ્ટ વિચારો, દ્વેષ કરવો, કઠોર શબ્દો બોલવા, અપ્રામાણિકતા અને જૂઠું બોલવું એ બધું પણ શાબ્દિક અને માનસિક હિંસાનો હિસ્સો છે. બીજી છે, ‘પ્રેમ કરવો’. અહીં, અહિંસાનો અર્થ ‘હિંસા ન કરવી’ એટલે સુધી મર્યાદિત નથી પરંતુ જીવમાત્રને પ્રેમ કરવો, કરુણા અને સંવેદના રાખવી એ છે. પછી ભલે ને સામેની વ્યક્તિ તમારી વિરોધી કે દુશ્મન પણ કેમ ન હોય તેમના પ્રત્યે પ્રેમ અને કરુણા રાખવી જોઈએ. ત્રીજી છે, ‘આત્મબળ’. અહિંસાનું આચરણ નૈતિક અને આંતરિક શક્તિઓના આધારે થઈ શકે. તેનો આધાર બાહ્ય શારીરિક ક્રૂરતા કયારેય ન હોય શકે. ટૂંકમાં, ગાંધી બાપુના મતે અહિંસા એક સર્જનાત્મક ઊર્જા છે જે વ્યક્તિના ‘સ્વ’ને ‘અંતિમ સત્ય’ શોધવા તરફ દોરી જાય છે.

ગાંધીબાપુએ ‘સત્ય’ની પરિભાષા કંઈ આવી આપી છે - ‘સત્ય એ જ ઈશ્વર છે’. સત્ય એ અંતિમ વાસ્તવિકતા છે અને અહિંસાના માર્ગ પર ચાલીને જ આપણે સત્ય સુધી પહોંચી શકીએ છીએ. સત્યનું જ્ઞાન કરાવવા માટે વિરોધીઓ દ્વારા થતી હિંસાને પણ ‘તપ’ તરીકે ગણીને તેમના પ્રત્યે અનુકંપા અને કરુણા રાખવી. આમ, સત્ય અને અહિંસા એક સિક્કાની બે બાજુ છે. સત્યને અંતિમ ધ્યેય બનાવીને આંતરિક બળ સાથે જીવમાત્રને પ્રેમ કરવાથી વિરોધીઓમાં પણ આત્મજાગૃતિ લાવી શકાય છે. અહિંસાનો સિધ્ધાંત જૈન ધર્મમાં, બૌધ ધર્મમાં અને હિંદુ ધર્મમાં મહત્ત્વના સિદ્ધાંતોમાંનો એક છે. ખરેખર તો આ સિધ્ધાંતનો પાયો એ વાત પર છે કે બધા જીવોમાં દૈવી આધ્યાત્મિક ઊર્જાનો વસવાટ હોય છે. તેથી અન્ય જીવોને નુકસાન કે હાનિ પહોંચાડવાં એ પોતાને નુકસાન પહોંચાડવા બરાબર છે.

તમને એમ થશે કે સત્ય અને અહિંસાનાં શસ્ત્રો પહેલાં ભલે અસરકારક રહ્યાં પરંતુ વર્તમાન સમયમાં શું તે એટલાં જ કારગર બની શકે છે? વર્તમાન સમય કે જેમાં એક દેશ બીજા દેશથી પોતાને ચડિયાતો અને વધારે શક્તિશાળી સાબિત કરવાની હરીફાઈમાં લાગેલો છે, જેમાં સ્ત્રીઓ સાથે ક્રૂરતાથી બળાત્કાર કરવામાં આવે છે, ઘર -જમીનની લડાઈમાં ભાઈઓ એકબીજા પર હુમલા કરે છે, જ્યાં આર્થિક - સામાજિક અંતર માણસના દષ્ટિકોણને પ્રભાવિત કરે છે, તેવા સમયમાં અહિંસાના સિદ્ધાંતો કેટલા અસરકારક હોય શકે? કદાચ, અહિંસાના સિદ્ધાંતો વર્તમાન સમયમાં એટલા અસરકારક ન પણ હોય શકે પરંતુ જો હિંસાનો માર્ગ અપનાવવામાં આવે તો તે આપણને ક્રોધ અને વેરના અનંત માર્ગ પર લઈ જશે જેનું કોઈ ધ્યેય જ નથી. હિંસા ક્રોધ અને વિનાશ તરફ આપણને લઈ જાય છે. જયારે અહિંસા નૈતિકતા અને સમજણ દ્વારા વિરોધીઓમાં આંતરજાગૃતિ લાવી શકે છે. તેનાથી ક્રોધ અને બદલાનું ચક્ર તોડીને શાંતિ અને સદભાવની ભાવના ફેલાવી શકાય છે. આમ, અહિંસા વૈશ્વિક શાંતિ, માનવ હકો, અને સામાજિક ન્યાય જળવાય રહે તે માટે પણ મહત્ત્વનું શસ્ત્ર છે.

આપણે અગાઉ કહ્યું કે અહિંસા ફક્ત માનવીઓ સાથે જ નહિ પરંતુ જીવમાત્ર સાથે હોવી જોઈએ. દરેક પ્રાણી સાથે પણ હોવી જોઈએ. ૪ થી ઓક્ટોબરે ‘વર્લ્ડ એનિમલ વેલ્ફેર ડે’ છે. જે દરેક પ્રાણીઓ પ્રત્યે પ્રેમ અને કરુણા દાખવવા માટે અને તેમની રક્ષા થાય તેના માટે ઉજવવામાં આવે છે પરંતુ શું આપણે દરેક પ્રાણીઓ પ્રત્યે સમભાવ અને પ્રેમ રાખીએ છીએ? અહિંસાનો સિધ્ધાંત જીવમાત્રને લાગુ પડે છે, પછી તે કીડી હોય કે હાથી, ગાય હોય કે વાઘ, માછલી હોય કે બિલાડી તે દરેક માટે સમાન છે પણ આપણા માટે ગાય પૂજનીય છે તો તેની સાથે થતી હિંસા આપણા માટે અસહનીય છે પરંતુ કુતરો કે બિલાડીને આપણે મારી મારીને ભગાડી દઈશું. બિલાડી જો રસ્તામાંથી પસાર થઈ જાય તો તે અપશકુનિયાળ બની જશે! અમુક પ્રાણીઓનું માંસ ખવાય અને અમુક પ્રાણીઓનું માંસ ન ખવાય.... આ તે કેવો નિયમ? ચેતના તો ઈશ્વરે દરેક પ્રાણીમાં સરખી જ આપી છે, તેના પર થતી હિંસા વખતે પીડા દરેક પ્રાણીને સરખી રીતે થતી હોય છે. તો પછી એકને સુરક્ષા અને અન્યને હડધૂત શા માટે કરીએ છીએ? અહિંસાનો સિધ્ધાંત દરેકને સમાન રીતે લાગુ પડે છે. દરેકને સમાન રીતે જીવન જીવવાનો અધિકાર છે તો પ્રેમ અને કરુણા સાથે અહિંસાના માર્ગ પર ચાલીએ અને સત્યને અંતિમ ધ્યેય બનાવીએ.

વર્તમાન સમયમાં વૈશ્વિક સ્તરે જો આ સિધ્ધાંતને જોઈએ તો આજે તેની સૌથી વધારે જરૂરિયાત છે. રાજકીય, ભૌગોલિક કે આર્થિક કે કોઈ અંગત ફાયદાને ધ્યાનમાં રાખીને અન્ય દેશો કે અન્ય જાતિના લોકો પર હુમલા કરવા, જેતે દેશની સંપત્તિને નુકસાન પહોંચાડવું, તેમ જ લોકોની જિંદગી જોખમમાં મૂકવી માનવીય દષ્ટિએ અને વૈશ્વિક દષ્ટિએ પણ અયોગ્ય છે. આખરે તો તેમાં અહિંસાના સિધ્ધાંત પ્રમાણે માનવી પોતાને જ નુકસાન પહોંચાડી રહ્યો છે. આ પ્રકારની હિંસા આચરવામાંથી આપણે બહાર આવીએ અને આપણી ખરી સંસ્કૃતિ ‘વસુધૈવ કુટુમ્બકમ’ની છે તેને ઉજાગર કરીએ. ચાલો આવજો. ફરી મળીશું આવતા સપ્તાહે.

- સંપાદક

